# રાષ્ટ્રીય સેવા યોજના

## નેશનલ ઇન્ટીગ્રેશન કેમ્પ

તાજેતરમાં વિશ્વકર્મા ગવર્નમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ, અમદાવાદ ખાતે રાષ્ટ્રીય કક્ષાના નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પ (રાષ્ટ્રીય એકતા શિબિર) નુ આયોજન કરવામાં આવેલ. ૧૨ ઓગષ્ટ થી ૧૮ ઓગષ્ટ દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં દેશના ૧૩ રાજ્યોમાં આવેલી વિવિધ એન્જીનીયરીંગ કોલેજના એનએસએસ સાથે જોડાયેલા ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આણંદ કૃષિ યુનિવર્સિટીની ગોધરા ખાતે આવેલી કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજના પાંચ વિદ્યાર્થીઓ અને પાંચ વિદ્યાર્થીનીઓએ આણંદ કૃષિ યુનિવર્સિટીનુ પ્રતિનિધિત્વ કર્યું. સાત દિવસ ચાલેલા આ કેમ્પમાં એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ યોગ, સાંસ્કૃતિક કાર્યક્રમો, લેક્ચર સિરીઝ, શ્રમદાન વગેરે પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ. આ કેમ્પના મુખ્ય આકર્ષણોમાં દરેક રાજ્યમાંથી આવતા વિધાર્થીઓએ પોતાના રાજ્યના સાંસ્કૃતિક અને હેરિટેજ પાસાઓની તેમજ રાષ્ટ્રવિકાસની દિશામાં તેઓની ભૂમિકા વિષે ચર્ચા કરી. આયોજિત કાર્યક્રમોમાં ઈસરો અને પીઆરએલના વૈજ્ઞાનિકો, સેપ્ટ અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો અને ઈંન્ડિયન એરફોર્સ ના અધિકારીઓએ હાજરી આપીને વિદ્યાર્થીઓ સાથે તેમના અનુભવોની આપ-લે કરી.







